# બી.એડ. પ્રવેશ નોટીસ

## મેરીટ યાદી તથા પ્રવેશ કાર્યવાહીની તારીખો

કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૨ – ૨૪ માં B.ED. ના ફોર્મ ભરનાર પ્રવેશ ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ તારીખ મુજબ મિયત સમય અને સ્થળ પર હાજર રહેવું.

| ક્રમ | અભ્યાસક્રમ | ફાઈનલ મેરિટ યાદી બહાર પાડવાની તારીખ | પ્રવેશ કાર્યવાહીની તારીખ , સમય , સ્થળ | પ્રવેશ સમયે લાવવાની થતી પ્રથમ સત્રનીફી |
|---|---|---|---|---|
| ૧ | બી.એડ્. (સેલ્ફ ફાયનાન્સ) | ૦૭/૦૭/૨૦૨૨ | તા. ૦૮/૦૭/૨૦૨૨<br>સવારે ૦૯:૦૦ કલાકે<br>કચ્છ યુનિવર્સિટી લાયબ્રેરી ખાતે | ૧૫૦૦૦/– |

ઉપરોક્ત તારીખે જે તે વિષય માં ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી ની રકમ રોકડમાં જમા કરાવવાની રહેશ. પ્રવેશ સમયે તમામ અસલ માર્કશીટો તથા પ્રમાણપત્રો સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવું. જે વિદ્યાર્થી આ તારીખે અને સમયે હાજર નહી રહે તે વિદ્યાર્થીને પ્રવેશ લેવો નથી તેમ સમજવામાં આવશે.

**સુચનાઓ:–**

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક / લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર ( ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા. ૧/૪/૨૦૨૦ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી,ભુજ

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**

**કચ્છ યુનિવર્સિટી**

**બી.એડ્. પ્રવેશ જાહેરાત વર્ષઃ– ૨૦૨૨–૨૪**

કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૨ – ૨૪ માં B.ED. ના ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓનું પ્રોવીઝનલ મેરીટ તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ કચ્છ યુનિવર્સિટીની નીચે દર્શાવેલ વેબસાઈટ પર મૂકવામાં આવશે જો આપના મેરીટમાં ભુલ જણાય તો જરૂરી તમામ આધારો સાથે તા.૦૬/૦૭/૨૦૨૨ના રોજ બપોરે ૪:૦૦ કલાક સુધીમાં કચ્છ યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં. ૧૧૪નો સંપર્ક કરવો. ત્યારબાદ આપના મેરીટમાં કોઈ પણ ભૂલ રહી જશે તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ ફાઈનલ મેરીટ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. **તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી, લાયબ્રેરીમાં પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.** પ્રવેશ માટે આવતા તમામ વિદ્યાર્થીઓએ માસ્ક પહેરવું ફરજીયાત છે તથા સાથે સેનેટાઈઝર રાખવું હિતાવહ છે. એડમિશન અંગેની વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.kskvku.ac.in નો સંપર્ક કરવો પ્રવેશ કાર્યવાહી સમયે જે ઉમેદવારો ઉપસ્થિત નહી રહે તેઓ પ્રવેશનો હક ગુમાવશે.

તા. ૦૪/૦૭/૨૦૨૨ **ઈ.ચા. કુલસચિવ**